**Media Release**

# ઈડીઆઈઆઈ અને ઉચ્ચ શિક્ષણ વિભાગે સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ 136 યુવાનોને ગ્રાન્ટ્સ આપી

**અમદાવાદ, 12 માર્ચ, 2024 –** ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના સહયોગમાં ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે મંગળવારે સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ 136 વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સ એનાયત કરી હતી. આ પોલિસી હેઠળ કોલેજના વિદ્યાર્થીઓના 136 નવીનતમ આઈડિયાઝને રૂ. 40,000ની નાણાંકીય સહાય આપવામાં આવી હતી જેથી તેઓ તેમના સ્ટાર્ટઅપ્સના આઈડિયાઝ માટે પ્રોત્સાહન તથા મદદ મેળવી શકે.

આ પસંદગી **838** વિદ્યાર્થીઓમાંથી કરવામાં આવી હતી જેમને તેમની કોલેજ ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા તાલીમ આપવામાં આવી હતી જેમને તેમના હસ્તક્ષેપ પહેલા ઈડીઆઈઆઈ દ્વારા ટ્રેઇન કરવામાં આવ્યા હતા. કુલ 426 ફેકલ્ટી મેમ્બર્સને આ હેતુ માટે 10 ટ્રેનિંગ પ્રોગ્રામ્સ હેઠળ તાલીમ આપવામાં આવી હતી. ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા **460** વિદ્યાર્થીઓને **(અત્યાર સુધી)** નોમિનેટ કરવામાં આવ્યા હતા, તેમના આઈડિયાઝને રિફાઇન કરવામાં આવ્યા હતા અને તેમને ઈડીઆઈ ફેકલ્ટી, આયોજક સંસ્થાના પ્રિન્સિપાલ**/**નોડલ ઓફિસર, આઈ-હબના એક્સપર્ટ તથા ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના અધિકારીઓની પસંદગીની પેનલ સમક્ષ તેમના આઈડિયાઝ રજૂ કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. **460** બિઝનેસ આઈડિયાઝમાંથી 136ને સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ ગ્રાન્ટ્સ આપવા માટે પસંદ કરવામાં આવ્યા હતા.

ગ્રાન્ટ એનાયત કરવાના કાર્યક્રમમાં ગુજરાત સરકારના સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પુખ્ત શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ બાબતોના માનનીય રાજ્યકક્ષાના પ્રધાન શ્રી પ્રફુલ પાનશેરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણના અધિક નિર્દેશક શ્રી વદન સિંહ બોદાના અને ઈડીઆઈઆઈના આંત્રપ્રિન્યોરશિપ શિક્ષણ વિભાગના ડિરેક્ટર ડો. સત્ય રંજન આચાર્યે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ગુજરાત સરકાર દ્વારા કલ્પના કરાયેલી સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસીનો ઉદ્દેશ સરકારી અને બિનસરકારી આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લૉ કોલેજો તથા ગ્રામ્ય વિદ્યાપીઠોમાં ભણતા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા ઉપરાંત ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા તથા વિકસાવવાનો છે.

વિદ્યાર્થીઓને અભિનંદન આપતા **શ્રી પ્રફુલ પાનશેરિયા**એ જણાવ્યું હતું કે "રાજ્યમાં એવા અનેક કિસ્સા જોવા મળે છે જેમાં વિદ્યાર્થીઓ નોકરી મેળવવાની માનસિકતાથી દૂર જઇને કંઇક નવું વિચારે છે અને ટકી શકે તેવા સ્ટાર્ટઅપ્સ ઊભા કરે છે. સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસીના નેજા હેઠળ કુલ 136 વિદ્યાર્થીઓએ તેમની ઉદ્યોગસાહસિક તરીકેની સફરનો પ્રારંભ કર્યો છે. હું ખુશ છું કે આ 136 વિદ્યાર્થીઓએ કંઇક અલગ વિચારવાનું નક્કી કર્યું છે. હું તેમને બાંયધરી આપું છું કે તેમનો નિર્ણય તેમના

માટે સાર્થક નીવડશે. મને વિશ્વાસ છે કે આ ગ્રાન્ટથી તેમને આગળ વધવામાં મદદ મળશે અને તેઓ વધુ તેજસ્વી બનશે.”

ઈડીઆઈઆઈએ નવેમ્બર 2023માં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે એમઓયુ કર્યો હતો. ઇન્સ્ટિટ્યૂટ પોલિસીના અમલીકરણ સાથે અને રિસોર્સ પર્સન (ઉદ્યોગસાહસિકતા સંબંધિત તાલીમ આપવા માટે ફેકલ્ટી મેન્ટર્સ)ની કેડર તૈયાર કરવા, વિદ્યાર્થીઓ માટે ટ્રેનિંગ પ્રોગ્રામ્સ અને વર્કશોપ હાથ ધરવા તથા તેમના સાહસો ઊભા કરવા માટે તેમને તાલીમ આપીને શિક્ષણ વિભાગને સપોર્ટ પૂરો પાડે છે.

**About Entrepreneurship Development Institute of India (EDII)**

EDII Ahmedabad was set up in 1983 with the support of apex financial institutions – the IDBI Bank Ltd., IFCI Ltd., ICICI Bank Ltd. and State Bank of India (SBI). It is a National Resource Institute in the field of entrepreneurship education, research, policy advocacy, training, inclusive growth, startups & MSMEs training and institution-building. It has a global, as well as PAN India presence. EDII is ranked as Number 1 by Atal Ranking of Institutions on Innovation Achievements (ARIIA) – 2021 in General (Non-Technical) Category. The autonomous and not-for-profit institute, works towards building entrepreneurship, startups and fostering innovations across all sectors and sections of people. The 40-year old institute is recognised as a Centre of Excellence by the Ministry of Skill Development and 79% of its alumni are business owners. For more information visit: www.ediindia.org

**For more details, contact:**

Nirupam Banerjee, Adfactors PR: 9825984727
Hiral Oza, Adfactors PR: 7043901987